પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
વેબસાઇટ : www.rbi.org.in
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

13 નવેમ્બર 2015

## દેય આવકવેરાની રકમ ભારતીય રિઝર્વ બેંક અથવા પ્રાધિકૃત બેંકની શાખાઓમાં દેય તારીખથી પહેલા ભરી દેવી

ભારતીય રિઝર્વ બેંકે આવકવેરા કરદાતાઓને એપીલ કરી છે કે તેઓ તેમની આવકવેરાની દેય રકમ દેય તારીખથી પૂરતા સમય પહેલા જમા કરાવી દે. એમ પણ કહેવામાં આવ્યું છે કે કરદાતાઓ એજન્સી બેંકોની ચૂંટી કાઢેલી શાખાઓ અથવા આવી બેંકો દ્વારા પ્રસ્તુત ઓનલાઈન કર ચૂકવણી સુવિધા જેવી વૈકલ્પિક ચેનલોનો ઉપયોગ પણ કરી શકે છે. આનાથી રિઝર્વ બેંકના કાર્યાલયોમાં લાંબી કતારોમાં ઊભા રહેવાની અસુવિધાથી બચી શકાશે.

એમ જોવામાં આવ્યું છે કે ભારતીય રિઝર્વ બેંકના માધ્યમથી આવકવેરાની દેય રકમોને જમા કરાવવા માટેની ભીડ પ્રત્યેક વર્ષમાં ડિસેમ્બર મહિનાના અંતમાં ઘણી જ વધારે રહેતી હોય છે અને રિઝર્વ બેંક માટે રસીદ જારી કરવાના દબાણને નિપટવાનું કાર્ય પણ કઠીન થઈ જાય છે, તેમ છતાં પણ આ પ્રયોજન માટે અધિકતર સંખ્યામાં શક્ય એટલા વધુ કાઉન્ટર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

ઓગણત્રીસ એજન્સી બેંકોને આવકવેરાની દેય રકમની ચૂકવણીનો સ્વીકાર કરવા માટે પ્રાધિકૃત કરવામાં આવી છે. આ બેંકો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| 1. | અલ્હાબાદ બેંક | 16. | સિંડીકેટ બેંક |
| 2. | આંધ્ર બેંક | 17. | યુકો બેંક |
| 3. | બેંક ઑફ બરોડા | 18. | યુનિયન બેંક ઑફ ઇંડિયા |
| 4. | બેંક ઑફ ઇંડિયા | 19. | યુનાઇટેડ બેંક ઑફ ઇંડિયા |
| 5. | બેંક ઑફ મહારાષ્ટ્ર | 20. | વિજ્યા બેંક |
| 6. | કેનેરા બેંક | 21. | ભારતીય સ્ટેટ બેંક |
| 7. | સેન્ટ્રલ બેંક ઑફ ઇંડિયા | 22. | સ્ટેટ બેંક ઑફ બિકાનેર એન્ડ જયપુર |
| 8. | કોરપોરેશન બેંક | 23. | સ્ટેટ બેંક ઑફ હૈદ્રાબાદ |

| | | | |
|---|---|---|---|
| 9. | દેના બેંક | 24. | સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર |
| 10. | આઈડીબીઆઈ બેંક | 25. | સ્ટેટ બેંક ઓફ મૈસુર |
| 11. | ઇંડિયન બેંક | 26. | સ્ટેટ બેંક ઓફ પતિયાલા |
| 12. | ઇંડિયન ઓવરસીજ બેંક | 27. | એચડીએફસી બેંક લિ. |
| 13. | ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ | 28. | એક્સિસ બેંક લિ. |
| 14. | પંજાબ એન્ડ સિંધ બેંક | 29. | આઈસીઆસીઆઈ બેંક લિ. |
| 15. | પંજાબ નેશનલ બેંક | | |

**અજીત પ્રસાદ**

**પ્રેસ પ્રકાશન : 2015-2016/1142**

**સહાયક મહા પ્રબંધક**